મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૦૮-૦૧-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૭૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### મ.ન.પા કમિશનરે રમેશ માળીને ૧ દિવસમાં જમીન ખાલી કરવા નોટિસ ફટકારી હતી

# મહેસાણાના પ્રદુષણ પરમાં બુટલેગરના ગેરકાયદેસર બાંધકામ ઉપર મનપાનુ બુલડોઝર ફરી વળ્યું : પરિવાર ચોંધાર આસુએ રડી પડ્યો






(ગરવી તાકાત) મહેસાણા તા.૭

મહેસાણામા પ્રદુષણ પરામાં રહેતા અને દારૂનો વ્યાપર કરતા રમેશ માળી અને એના પુત્ર સહિત ત્રણ લોકો પરા વિસ્તારમાં વસવાટ કરતા પટેલ સમાજના મકાનો પાછળ આવેલા વાળામાં દારૂ સંતાડતા હતા. એ દરમિયાન એક પાટીદાર યુવકે વિરોધ કરતા રમેશ માળી અને તેના સાગરીતોએ ભેગા મળી યુવકને છરીઓ મારી ઈજાગ્રસ્ત કર્યો હતો. ત્યારબાદ ત્રણ દિવસ અગાઉ પરા વિસ્તારમાં રહેતા ૧૦૦ જેટલા લોકો જીઁ-કલેકટરને રજુઆત કરી હતી કે, રમેશ માળી સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરી દારૂનો વ્યાપાર કરે છે. ત્યારબાદ મહેસાણાના મ.ન.પા કમિશનરે રમેશ માળીને ૧ દિવસમાં જમીન ખાલી કરવા નોટિસ ફટકારી હતી. ત્યારબાદ આજે પોલીસ કાફલાની હાજરીમાં રમેશ માળી ના ઘર પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

મહેસાણાના પ્રદુષણ પરામાં રહેતા બુટલેગર રમેશ માળીના ગેરકાયદેસર બાંધકામ કરેલા મકાન આજે મ.ન.પા દ્વારા તોડી પાડવામાં આવ્યું છે. આજે સવારે ૧૧.૩૦ કલાકે મ.ન.પાની ટીમો જે.સી.બી સાથે રમેશ માળીના ઘરે બાંધકામ તોડી પાડવા પહોંચી હતી. એ દરમિયાન એ-ડિવિઝન પોલીસ સ્ટાફ પણ હેલ્મેટ અને લાકડીઓ સાથે ખડેપગે જોવા મળ્યો હતો.

રમેશ માળીના ઘરમાંથી AC સહિતનો સમાન બહાર કાઢી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ મકાનમાં લાગેલા પતરા પણ તાત્કાલિક હટાવી લેવાયા હતા. આ દરમિયાન રમેશ માળી અને તેની પત્ની બંને જણા ભીડ વચ્ચે પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યાં હતા અને રમેશ માળીએ કહ્યું કે, 'મને રહેવાની જગ્યાં નહીં કરી આપો તો હું અહીંયા જ મરી જઈશ' તેવી ચિમકી આપી હતી. તો બીજીતરફ સામાન હટાવ્યા બાદ એક કલાક સુધી જે.સી.બી દ્વારા મકાન તોડી પાડવામાં આવ્યું હતું. આ જોઈ રમેશ માળીનો પરિવાર પણ પોતાનું મકાન તૂટતા જોઈ રડી પડ્યો હતો. ત્યારે રમેશ માળીની દીકરી પણ પોતાના નાના બાળક સાથે ઉભા ઉભા ચોધાર આસુંએ રડી પડી હતી.

મકાન તોડતા સમયે રોડ પર પોલીસની ૪ ગાડીઓ જોઈ લોકો પણ રમેશ માળીનું ઘર તૂટતા જોવા ઉભા રહ્યા હતા.એ દરમિયાન ભારે ભીડ રોડ પર જામી હતી અને પોલીસ બંદોબસ્ત ગોઠવી લોકોને પણ હટાવવામાં આવ્યાં હતા. મકાન સંપૂર્ણ તૂટ્યા બાદ માળી પરિવાર ચોધાર આંસુએ રોકકળ કરવા લાગ્યો હતો.

---

### ભાઈઅને ૨ ભત્રીજા સહિત પાંચ હુમલાખોરો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

## જોટાણામાં જૂના ઝઘડાની અદાવત રાખી મોટા ભાઈએ બે પુત્રો સાથે નાનાભાઈને માર માર્યો



(ગરવી તાકાત) મહેસાણા તા.૭

જોટાણા પંથકમાં બે સગા ભાઈ વચ્ચે જમીન વિવાદ ચાલતો હતો. જેમાં જુના ઝઘડાની અદાવતે મોટા ભાઈએ બે પુત્રો અને અન્ય ૨ શખ્સો સાથે મળી ખેતરેથી આવતા નાના ભાઈને આંતરી ઢોર માર માર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત ભાઈએ તેના ભાઈ અને ૨ ભત્રીજા સહિત ૫ હુમલાખોરો વિરુદ્ધ સાંથલ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

મહેસાણા જિલ્લાના જોટાણા ગામે ફરિયાદી દિનેશભાઈ પ્રહલાદભાઈ પટેલની ફરિયાદ મુજબ તેઓ ઘરે થી ખેતરે ગયા બાદ ચાલતા ચાલતા પરત આવી રહ્યા હતા. ત્યાં રસ્તામાં જકાસનરોડ પર તેમની સામે ૩ શખ્સો રૂમાલ બાંધીને અને બીજા ૨ બીજી બાજુ થી તેમની પાસે આવેલા અને તેમને પકડી રાખી માર મારવામાં આવ્યો હતો. જોકે, મારામારી બાદ તમામ ૫ શખ્સો ભાગ્યા હતા. મારમારીમાં ઈજાગ્રસ્ત ફરિયાદીને માર મારતા શખ્સોના અવાજ પરથી મારામારી કરનાર તેમના સગા ભાઈ ભરતભાઈ અને તેમના ૨ પુત્રો મિતેષ, મોહિત તેમજ બોળો રમેશભાઈ પટેલ અને જયેશ જેણભા હોવાની ઓળખ થઈ હતી. જેથી તેમને સારવાર લઈ હુમલાખોર તમામ ૫ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ આધારે સાંથલ પોલીસે તમામ ૫ હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી હતી.

---

**પ્રાઈમ પ્રોપર્ટી ભાડે આપવાની છે**

**બેંક, વિમા કંપની કે ઓફિસ માટે ફુલ્લી ફર્નિચર સાથેની ઓફિસ ભાડે આપવાની છે.**

: સંપર્ક :

દુ.નં. ૧૧૭, પ્રથમ માળ, મેપલ ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, મોતીપુરા, અમદાવાદ નેશનલ હાઈવે રોડ, હિંમતનગર, સાબરકાંઠા. ગુજરાત.

મો : ૯૪૨૮૧ ૫૧૫૬૦, ૯૪૨૭૫ ૪૫૬૪૦

---

### ધોળે દહાડે એમ.એન.કોલેજની આઈટીઆઈ ચોકડી ચાલતાં જતાં વૃદ્ધ લૂંટાયો

## વિસનગરમાં હરિદ્વારનો પ્રસાદ ખાઓ તેમ કરી ૯૦ હજારની મત્તાોની ચોરી કરી અજાણ્યા શખ્સો ફરાર

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

વિસનગર શહેરમાં ધોળે દહાડે એમ.એન.કોલેજથી આઈ.ટી.આઈ ચોકડી ચાલતા જતા વૃદ્ધને અજાણ્યા બે શખ્સોએ આવી હરિદ્વારનો પ્રસાદ ખાઓ તેમ કહી બેભાન કરી વૃદ્ધના ગળાના પહેરેલ સોનાનો દોરો, વીંટી તેમજ ૫ હજાર રોકડ મળી કુલ ૯૦ હજાર કિંમતની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેથી આ બનાવ અંગે વિસનગર શહેર પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વિસનગરના કાંસા.એન. એ વિસ્તારમાં આવેલ શ્રીજી બંગ્લોઝમાં રહેતા અને મૂળ સુરત જિલ્લાના




ઉધના ખાતે રહેતા હરેન્દ્રભાઈ જગન્નાથ મરોલિયા તેમના પુત્ર સાથે રહે છે. જેઓ ગત તારીખ ૦૬/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના સમયે દીકરા સાથે શાકભાજી લેવા માટે બજારમાં આવ્યા હતા અને શાકભાજી ખરીદી કર્યા પછી તેઓ એમ.એન.કોલેજથી ચાલતા ચાલતા આઈ. ટી.આઈ ચોકડી તરફ આવતા હતા. તે દરમિયાન બી.ટી.સી કોમ્પલેક્ષથી થોડેક આગળ પહોંચતા હરેન્દ્રભાઈને ચક્કર આવતા સાઈડમાં ગયા ત્યારે બે અજાણ્યા શખ્સો આવી હરિદ્વારનો પ્રસાદ ખાવો તેમ કહી કઈક આપી હરેન્દ્રભાઈને બેભાન કરી દીધા હતા. જ્યાં તેઓ બેભાન થઈ જતાં બે અજાણ્યા શખ્સોએ હરેન્દ્રભાઈના ગળામાં પહેરેલ સોનાનો દોરો, સોનાની વીંટી તેમજ પેન્ટના ખીસામાં રહેલ પર્સમાં ૫ હજાર રોકડ લઈ ફરાર થઈ ગયા હતા. જેથી આ બનાવ અંગે હરેન્દ્રભાઈએ વિસનગર શહેર પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

---

## વિસનગર સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની બીબીએ કોલેજના ૨૫ વર્ષ પૂર્ણ થતાં ઉજવણી કરવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

વિસનગરની સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની શ્રીમતી. એસ. બી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ (બીબીએ) કોલેજના૨૫ વર્ષ પૂર્ણ થતાં તારીખ ૦૪-૦૧-૨૦૨૫ ના રોજ Alumni Me[a] ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાંસાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગના પ્રિન્સિપાલ ડો.પી. જે. પટેલ,એમસીએ કોલેજના ડીન ડો. ઈદ્રીશ સિંધી, બીબીએ કોલેજના પ્રિન્સિપાલ ડો. ચિરાગ રાઠોડ, ભૂતપૂર્વ પ્રિન્સિપાલડો. જયશ્રી દત્તા, શિક્ષકગણઅને૨૦૦૧ થી ૨૦૨૪ના પાસ થયેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓહાજર રહ્યા હતા.આ કાર્યક્રમનો મુખ્ય



ઉદ્દેશભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ફરી જોડવા અને તેમના અનુભવોથી પ્રેરણા લેવા માટે કરવામાં આવ્યું હતું.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમના વ્યાવસાયિક જીવનના અનુભવો અને સફળતાના મંત્ર વિશે માહિતી આપી. તેમના પ્રેરણાદાયી ભાષણોએ પ્રસ્તુત વિદ્યાર્થીઓને નવું જોશ અને ઉત્સાહ ભર્યું. પછી કોલેજના પ્રિન્સિપાલ ડો. ચિરાગ રાઠોડે વિદ્યાર્થીઓની સફળતાવિશે ચર્ચા કરી અને સંસ્થાના યોગદાન પર પ્રકાશ પાડ્યો.તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને યાદગીરી રૂપે ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા.

તે ભવિષ્યમાં કોલેજના નેટવર્કને મજબૂત બનાવવા અને નવી પેઢી માટે માર્ગદર્શક બનવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

આ Alumni Me[a] ૨૦૨૫ ને સફળ બનાવવા માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ચેરમેન પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ ઉદાણી, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી, ટેકનિકલ ડાયરેકટર ડો. એચ. એન. શાહઅને બીબીએ કોલેજના પ્રિન્સિપલ ડો. ચિરાગ રાઠોડ સાહેબે શુભેચ્છા પાઠવી અને તમામ આયોજન કરનાર સ્ટાફનો હદયથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

---

### રાજ્યસભા સાંસદ મયંકભાઈ નાયકની ઉત્તરાયણમાં જીવન બચાવો ચળવળ

## મહેસાણામાં ટુ વ્હીલર ચાલકને ઘાતક દોરીથી બચાવવા મફત સેફટી ગાર્ડ છેલ્લા ૧૦ દિવસથી લગાવી આપવામાં આવે છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

મહેસાણા રાજ્યસભાના સાંસદ શ્રી મયંકભાઈ નાયક દ્વારા ઉત્તરાયણ પર્વને અનુલક્ષીને છેલ્લા ૧૦ દિવસથી સતત ચાલી રહ્યું છે સેફટી ગાર્ડ અભિયાન જેમાં ટુ વ્હીલર ચાલકને દોરીથી બચાવવા સેફટી ગાર્ડનો સળિયો નિઃશુલ્ક આપવાનું અભિયાન શરૂ કરાયું છે

છેલ્લા ૧૦ દિવસથી સતત ચાલી રહ્યું છે સેફટી ગાર્ડ અભિયાનમાં મયંકભાઈ નાયક દ્વારા બાર એસોસિએશન, સિવિલ સર્જન,પોલીસ અધિક્ષક અને જિલ્લા કલેકટરને પત્ર લખી તમામ કર્મચારીઓ અને વકીલોને અભિયાન સાથે જોડાવવા કર્યો અનુરોધ કર્યો છે.

મયંકભાઈ નાયક દ્વારા ચાલતી




આ ચળવળનો નાગરિકો લાભ લઈ રહ્યા છે જેનો આશય ઉત્તરાયણ પર્વને પ્રજાજનો આનંદપુરવક અને સલામતીથી મનાવી શકે. સાંસદશ્રી નાયક જણાવે છે કે હાલ માર્ગ સલામતી માસ પણ ચાલી રહ્યો છે ત્યારે આ ટુ વ્હીલર સેફટી ગાર્ડ અભિયાન સલામતી અને સાવચેતી માટે મહત્વનું પરિબળ બની રહેશે. ઉત્તરાયણ બાદ પણ દોરીના ગુછ્છા કે લછ્છા થી પક્ષીઓને ઈજા કે હાનિ ના પહોચે તે માટે ૫૦ રુ . કિલોના ભાવે ખરીદશે એમ પણ સાંસદશ્રીએ જણાવેલ છે. તેમના સેવાલય કાર્યાલય ખાતે દોરીના ગુછ્છા સ્વીકારવામાં આવશે.

---

### નૂતન હોસ્પિટલ ખાતે બલ્ડ ઇન્વેસ્ટિગેશન માટે લેટેસ્ટ હાઇ ટેક મશીન ઉપલબ્ધ

## લોહી સંબંધી તમામ પ્રકારની તપાસ ખૂબ જ ઝડપી અને સચોટ ૧૦૦ ટકા પરિણામ સાથે

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

નુતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર વિસનગર સંચાલિત નૂતન જનરલ હોસ્પિટલ ખાતે મેટ્રોસિટી સમકક્ષ અત્યાધુનિક આરોગ્ય લક્ષી સુવિધાઓ ઘર આંગણે ઉપલબ્ધ હોઈ દર્દીઓ માટે ખૂબ જ આશીર્વાદરૂપ બની રહી છે.

તાજેતરમાં નુતન જનરલ હોસ્પિટલમાં લેબોરેટરી ખાતે ગુજરાતમાં સૌપ્રથમ અને ભારતમાં બીજા નંબરનું અત્યાધુનિક નવીનતમ હાઈટેક બ્લડ ઈન્વિસ્ટીગેશન મશીન DxC ૫૦૦ છેં BECKMAN COULTER ઉપલબ્ધ



કરાવવામાં આવ્યું છે ઓટોમેટીક પ્રોસેસ અને ડિજિટલ એનાલિસિસ થતી હોઈ ભૂલની શક્યતા નહિવત રહે છે. આ મશીનમાં એક કલાકમાં એક સાથે ૮૦૦ બ્લડ સેમ્પલ ના તમામ પ્રકારની તપાસ ખૂબ જ ઝડપી સો ટકા સચોટ પરિણામ સાથે વિશ્લેષણાત્મક અને ડીટેઈલડ રિપોર્ટ થઈ શકશે. આમ,એક સાથે અનેક પ્રકારની ઊંડાણપૂર્વક લોહીની તપાસનો સચોટ રિપોર્ટ મેળવી શકાય છે. જેથી ડોક્ટર દ્વારા દર્દીઓને યોગ્ય સારવાર આપી ઝડપી આરોગ્ય સુધારવામાં આશીર્વાદ રૂપ બને છે. બ્લડ ઈન્વેસ્ટિગેશન અને એડવાન્સ રિપોર્ટિંગ નિષ્ણાંત ડૉક્ટર્સ અને લેબ ટેકનીશીયન દ્વારા કરવામાં આવે છે.

આપના આરોગ્યની ચિંતાને પ્રથમ પ્રાધાન્ય આપતી નૂતન હોસ્પિટલ ખાતે વસાવેલ અત્યાધુનીક બ્લડ ઈન્વેસ્ટીગેશન મશીન દ્વારા ખૂબ જ રાહત દરે થતા બ્લડ રિપોર્ટનો જરૂરિયાતમંદ દર્દીઓને લાભ લાભ લેવા સંસ્થાના પ્રેસિડેન્સી પ્રકાશભાઈ પટેલ અને ટ્રસ્ટ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે.




# રક્ષા ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ કૂચ

ભારતના સંરક્ષણ ઉદ્યોગોમાં ઘરેલુ સંસ્થાઓના વિકાસની દિશામાં સૌથી પહેલો પ્રયાસ ૧૯૮૦ બાદ શરૂ થયો અને રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ)માં મોટું રોકાણ કરવામાં આવ્યું. આ જ ક્રમમાં ડીઆરડીઓ દ્વારા પૃથ્વી, આકાશ, નાગ જેવી મિસાઈલ તૈયાર કરવામાં આવી. આ જ એ દોર હતો જ્યારે ભારતે પોતાના હાલના યુદ્ધ વિમાનના નિર્માણની પ્રક્રિયા પણ શરૂ કરી. પછી ૧૯૯૮નો એ દોર શરૂ થયો જ્યારે ભારતે રશિયા સાથે એક રક્ષા સમજૂતી કરી જે અંતર્ગત એક સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું નિર્માણ કરવાનું હતું. આ પ્રયાસના પરિણામે બ્રહ્મોસ સુપર સોનિક મિસાઈલનું નિર્માણ થયું.

૧૯૯૧માં આર્થિક સુધારાનો દોર શરૂ થયો. ત્યારબાદ ભારતના પ્રાઈવેટ સેક્ટરને રક્ષા ક્ષેત્રનો સીમિત અધિકાર પ્રાપ્ત થયો. ૨૦૦૬માં પહેલી વાર રક્ષા ખરીદીમાં વિનિર્માણ શ્રેણીને સામેલ કરવામાં આવી. આ વિનિર્માણ શ્રેણીમાં પહેલી વાર સ્વદેશી સંશોધન, વિકાસ અને ઉત્પાદન પર ધ્યાન આપવામાં આવ્યું. પરંતુ દેશની આઝાદી બાદથી ૨૦૦૬ સુધી આપણે રક્ષા ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની રેસમાં લગભગ સાડા પાંચ દાયકા પાછળ પડી ગયા હતા! આ નીતિ અંતર્ગત સરકારે લગભગ ૮૦ ટકા નિર્માણ ખર્ચને વહન કરવાનું બીડું ઝડપ્યું. રક્ષા ક્ષેત્રમાં ૨૬ ટકા વિદેશી રોકાણને સ્વીકૃત કરવામાં આવ્યું.

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા બાદ રક્ષા ક્ષેત્ર વિશે ગંભીરતાથી વ્યાપક વિમર્શ કરવામાં આવ્યો અને બે વર્ષોના ગહન મંથન બાદ ૨૦૧૬માં કેન્દ્ર સરકાર દ્વારા રક્ષા ખરીદ નીતિ ૨૦૧૬ જારી કરવામાં આવી. ૨૦૧૪ સુધી પ્રાઈવેટ સેક્ટરમાં રક્ષા અનુસંધાન અને વિકાસ પર વિશેષ રૂપે ધ્યાન અને રોકાણ બંનેની કમી હતી. વિદેશી રોકાણ ક્ષેત્રે પણ રોકાણકારોએ કોઈ વિશેષ રુચિ ન દેખાડી. ૨૦૧૬ બાદ આ ક્ષેત્રમાં કેટલાક ક્રાંતિકારી પરિવર્તન દેખાયા. જેમ ખરીદ પ્રક્રિયાની દક્ષતાને વધારવામાં આવી. સાથે જ પ્રાઈવેટ સેક્ટરમાં અડચણ બનતા અવરોધો દૂર કરવામાં આવ્યા. ખાનગી ક્ષેત્રને ઈન્સેન્ટિવ આપવાની સાથે જ પારદર્શિતા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. ખાનગી ક્ષેત્રને રોકવાનું સૌથી મોટું હથિયાર લાયસન્સ પ્રક્રિયા હોય છે, જેને પ્રભાવી રૂપે સુગમ બનાવવામાં આવી. સાથે જ પ્રત્યક્ષ વિદેશી રોકાણને ૨૬ ટકાથી વધારીને ૪૯ ટકા કરી દેવામાં આવ્યું. આનાથી વધુ વિદેશી રોકાણ માટે સરકારની મંજૂરી સાથે સ્વીકાર્યતા પ્રદાન કરી દેવામાં આવી. આ ૨૦૧૬ની રક્ષા ખરીદ નીતિમાં 'મેક ઈન ઈન્ડિયા'ને પણ વિશેષ રૂપે પ્રાથમિકતા આપવામાં આવી.

મે ૨૦૨૦માં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'આત્મનિર્ભર ભારત અભિયાન' આરંભ કરવામાં આવ્યું. તે અંતર્ગત રક્ષાને એક એક મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર જાહેર કરવામાં આવ્યું. આ ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવાથી દેશની અંદર રોજગારના મોટા અવસર નિર્માણની સાથે રક્ષા આયાતની નિર્ભરતાને ઘટાડીને પોતાના વિદેશી મુદ્રા ભંડારને સુદૃઢ કરવામાં આવશે. આ જ ક્રમમાં ફેબ્રુઆરી ૨૦૨૧માં ભારતીય સેનાએ દેશની કંપની ભારત ફોર્જથી એમ-૪ આર્મર્ડ વ્હીકલની ખરીદી માટે ઓર્ડર આપ્યા. આ દરમ્યાન રક્ષા મંત્રાલયે પણ 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને સફળ બનાવવા માટે કેટલાંક મહત્ત્વપૂર્ણ પગલાં ભર્યાં. રક્ષા

ક્ષેત્રે પ્રત્યક્ષ વિદેશી રોકાણ વધારીને ૭૪ ટકા કરી દેવામાં આવ્યું. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ની રક્ષા ખરીદીના ૬૦ ટકા દેશી ઉપકરણોની ખરીદી પર ખર્ચ કરવાનું નક્કી થયું. નરેન્દ્ર મોદી સરકારે રક્ષાની દિશામાં કાર્ય કરતાં રક્ષા ખરીદ નીતિ ૨૦૧૬ની જગ્યાએ રક્ષા ખરીદ નીતિ ૨૦૨૦ જારી કરવામાં આવી, જેમાં ભારતને આ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા, સ્ટાર્ટઅપ અને એમએસએમઈ સેક્ટરમાં નવાચારોને વધારવા પર ભાર મૂકવામાં આવ્યો. એમએસએમઈ સેક્ટરમાં રક્ષા નિર્માણને પ્રોત્સાહિત કરવા માટે રિવેમ્પ ક્રેડિટ ગેરંટીડ સ્કીમમાં નવ હજાર કરોડ રૂપિયાનું બજેટ આપવામાં આવ્યં છે. આ યોજના પહેલ એપ્રિલ ૨૦૨૩થી પ્રારંભ છે. તેના દ્વારા બે લાખ કરોડના એડિશનલ કોલેટરલ ફ્રી ગેરંટેડ ક્રેડિટ પણ સંભવ હશે. આ કારણે આવનાર સમયમાં દેશમાં બહુ બધા ઈનોવેશન અને સ્ટાર્ટઅપ એમએસએમઈ સેક્ટરમાં જોવા મળશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## રાજ્યમાં ૪૭.૫૫ લાખ હેક્ટરમાં રવિપાકોનું વાવેતર થયું

# રાજ્યમાં સૌથી વધુ ૧૩.૪૨ લાખ હેક્ટરમાં ઘંઉ પાકનું વાવેતર : કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ

## ચણાનું ૮.૩૯ અને જીરૂનું ૪.૭૪ લાખ હેક્ટરમાં વાવેતર

ગાંધીનગર,તા.૭

ગુજરાતના ખેડૂતોએ ચાલુ સિઝનમાં રવિ પાકોનું પુષ્કળ વાવેતર કર્યું છે. સિઝનના સારા વરસાદ અને ગત વર્ષે ખેડૂતોને રવિ પાકના મળેલા રેકોર્ડ બ્રેક ભાવના પરિણામે આ વર્ષે વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં ગત ત્રણ વર્ષ દરમિયાન રવિ પાકોનો સામાન્ય વાવેતર વિસ્તાર સરેરાશ ૪૬.૦૭ લાખ હેક્ટર રહ્યો છે. જેની સામે ચાલુ વર્ષે માત્ર અત્યાર સુધીમાં જ ગુજરાતના ખેડૂતોએ ૪૭.૫૫ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર કર્યું છે.



રાજ્યના કેટલાક વિસ્તારોમાં હજુ પણ રવિ પાકોનું વાવેતર ચાલુ હોવાથી વાવેતરનો આંકડો વધવાની સંપૂર્ણ સંભાવના છે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. ગુજરાતના ખેડૂતો માટે આ વર્ષ પણ ખૂબ જ લાભદાયી નીવડશે, તેમ જણાવી કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, ભારતના કુલ ઘઉં ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો મહત્વપૂર્ણ છે.

રાજ્યમાં દર વર્ષે રવિ ઋતુ દરમિયાન ઘઉંનું સૌથી વધારે વાવેતર થાય છે. એ જ અનુક્રમને જાળવી રાખતા આ વર્ષે પણ ગુજરાતમાં ઘઉં પાકનું સૌથી વધુ વાવેતર થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૩.૪૨ લાખ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું રેકોર્ડબ્રેક વાવેતર નોંધાયું છે.

જે ગત વર્ષની સરખામણીએ ૧૦૯ ટકા જેટલું છે. આ ઉપરાંત ધાન્ય પાકમાં મકાઈનું પણ આ વર્ષે કુલ ૧.૩૨ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૧૮.૯૨ ટકા જેટલું છે.મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યમાં કઠોળ પાકમાં ચણાનું પણ મબલખ વાવેતર નોંધાયું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યના આશરે ૬.૨૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર નોંધાયું હતું, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૮.૩૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર થયું છે અને જીરાનું ૪.૭૪ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે.

ગત વર્ષે ડુંગળીનું આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૬૯ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૯૨ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, આટલું જ નહિ, બટાટા પાકનું ગત વર્ષે આ સમયગાળા દરમિયાન આશરે ૧.૩૫ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૧.૫૬ લાખ હેક્ટરમાં બટાકાનું વાવેતર નોંધાયું છે.

## અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ દ્વારા ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે એન્જોય એક્ઝામ સેમિનાર યોજાયો

# શહેરના ૧૦૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓએ આવનારી બોર્ડની પરીક્ષા ઉત્સવની જેમ માણવાનો સંકલ્પ લીધો

(ગરવી તાકાત) અમદાવાદ તા.૭

અમદાવાદ એજ્યુકેશન ગ્રૂપ અમદાવાદની ૪૦૦થી પણ વધુ શિક્ષણિક સઁસ્થાઓનું ગવર્મેન્ટ રજીસ્ટર એસોસિએશન છે જેની સાથે એક લાખથી વધુ વિદ્યાર્થીઓ પરોક્ષ રીતે સંકળાયેલ છે. તાજેતરમાં અમદાવાદમાં એચ.કે કોલેજ ખાતે અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ દ્વારા આયોજિત અને શહેરની પ્રતિષ્ઠિત જે.જી યુનિવર્સિટી દ્વારા પ્રાયોજિત તથા જાણીતા મેમરી કોચ સુહાગ પંચાલે એન્જોય એક્ઝામ વર્કશોપ માં જેમાં ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા કઈ રીતે મેળવવી અને પરીક્ષાનો ડર દૂર કરવાના નુસખા બતાવ્યા અને હાજર સૌ વિદ્યાર્થીઓએ પરીક્ષાને ઉત્સવની જેમ માણવાનો સંકલ્પ લીધો હતો.



આ પ્રસંગે એ.ઈ.જી. ચેરમેન શ્રી વિજય મારૂએ જણાવ્યું હતું આજે અહીં આવેલા વિદ્યાર્થીઓ ૫૧ દિવસ પછી આવનાર બોર્ડની પરીક્ષામાં પોતાની મહેનતથી પોતાના પ્રારબ્ધને બદલશે તેનો એમને સૌ ગુરુજનોને વિશ્વાસ છે તથા અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ આવનારા દિવસોમાં પણ વિદ્યાર્થીઓ માટે કેરિયર સેમિનાર સહિતના અન્ય કાર્યક્રમો કરવા માટે કટિબદ્ધ છે.અમદાવાદ એજ્યુકેશન ગ્રુપના પ્રમુખ શ્રી સતીષ શાહે વિદ્યાર્થીઓને આવનારા દિવસોમાં સ્વયં શિસ્ત સાથે કઈ રીતે પરીક્ષામાં સફળતા મેળવવી તે બાબતે માર્ગદર્શન આપ્યું હતું તથા ઉપસ્થિત મહેમાન સર્વશ્રી શ્રી કાસિફ અબ્બાસી,શ્રી રોહિત નાયાણી, શ્રી ધીરેન પરીખ, શ્રી ભાવેશ ઠકકર, શ્રી દિવ્યેશ નાયાણી સહિત મેમરી કોચ સુહાગ પંચાલનું વિવિધ પદાધિકારીઓ દ્વારા સ્વાગત કરવાવામાં આવ્યું હતું.ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિયેશન ગુજરાત દ્વારા જાહેર કરેલ "Proud to be a Teacher" લોગોનું અમદાવાદ એજ્યુકેશન ગ્રુપના પદાધિકારીઓ દ્વારા સમાજના ભવિષ્ય ઘડતર માટે પાયાના પથ્થર તેવા શિક્ષકો માટે "Proud to be a Teacher" લોગોનું અનાવરણ કરવામાં આવેલ.આ પ્રસંગે ફેડરેશન ઓફ એકેડમીક એસોસિયેશનના પ્રમુખ હેમાંગ રાવલે જણાવ્યું હતું કે હું દરેક શિક્ષકને આ લોગોને ગૌરવભેર અપનાવવાની અપીલ કરું છું. આ લોગો નિષ્ઠા અને શિક્ષણક્ષેત્રે ગુરુજનોના સમર્પણનું પ્રતીક છે. આ લોગો શિક્ષણને વધુ ઉંચાઈએ પહોંચવા માટે પ્રેરણા આપે છે અને શિક્ષણની શ્રેષ્ઠતા પ્રત્યે શિક્ષકોની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે. એન્જોય એક્ઝામ વર્કશોપમાં મહામંત્રી સંજય પરમાર, ખજાનચી શ્રી મનિષ વ્યાસ ફ્છછના પ્રદેશ પ્રમુખ શ્રી ઝંકૃત આચાર્ય તથા સૌ કમિટી સદસ્યો અને શિક્ષણવિદ સર્વે શ્રી સંદીપ ત્રિવેદી,શ્રી સરજુ ચૌહાણ,શ્રી રામ આહિર શ્રી બિપીન ખંડવી, શ્રી અમિત રાજપૂત, શ્રી અનિલ ડાંગી,શ્રી કે ડી મુદલિયાર, શ્રી કૌશિક ગૌર,શ્રી રઉફ અલી સૈયદ, શ્રી દિપક પરમાર,શ્રી સમીર ગજ્જર, શ્રી વિરલ શાહ, શ્રી મેહુલ ચૌહાણ,શ્રી નરેશ પ્રજાપતિ, શ્રી પિનાકીન શાહ તથા છઈયના સંચાલકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની સફળતામાં સિંહ ફાળો આપ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી રાકેશ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિદેશમાં રહેલા કાર્તિક સામે લુકઆઉટ સરક્યુલર છે અને તપાસ નાજુક તબક્કે છે ત્યારે જામીન આપવાનું ન્યાયોચિત નથી

# ખ્યાતિકાંડ : ચેરમેન કાર્તિક પટેલને આગોતરા જામીન ન મળ્યા : અદાલતે અરજી ફગાવી દીધી

અમદાવાદ, તા.૭

ખ્યાતિ હોસ્પિટલકાંડમાં વિદેશમાં ફરી રહેલા હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલે ધરપકડથી બચવા કરેલી આગોતરા જામીન અરજી ગ્રામ્ય કોર્ટના ડિસ્ટ્રીક્ટ જજ કે.એમ. સોજીત્રાએ ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યું હતું કે, ગંભીર પ્રકારનો ગુનો છે, જેની તપાસ નાજુક તબક્કે ચાલી રહી છે, આરોપી વિદેશમાં છે અને તેની સામે એલઓસી જારી કરવામાં આવી છે.

ત્યારે આરોપીને આગોતરા જામીન પર મુક્ત કરવો ન્યાયોચિત જણાતું નથી. નોંધનીય છે કે, સરકારે જામીન અરજી સામે એવી રજૂઆત કરી હતી કે, કાર્તિકે માર્કેટિંગ ટીમને વધુમાં વધુ ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવા તથા આસપાસના ગામડાંના વિસ્તારોના ક્લિનિક્સના ડોકટર્સનો સંપર્ક કરવા નિર્દેશ આપ્યો હતો.

કાર્તિક પટેલે જ PMJAY કાર્ડધારકોને મોટી સંખ્યામાં સારવારના બહાને ખ્યાતિ હોસ્પિટલમાં લાવવા ફરમાન કરતો હતો. ખ્યાતિકાંડના મુખ્ય સૂત્રધાર આરોપી એવા ખ્યાતિ હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલે તેમના જમાઈ પ્રિયાંક કૌશિકભાઈ પટેલ મારફતે આ કેસમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જેમાં પોતે નિર્દોષ હોવાનો મુદ્દો ઉઠાવી આગોતરા જામીન પર મુક્ત કરવા માટે રજૂઆત કરી હતી.

### સ્થાનિક પ્રેક્ટિશનર્સને તગડું કમિશન ચૂકવાતું હતું

**હોસ્પિટલની માર્કેટિંગ ટીમ દ્વારા અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારના જનરલ પ્રેક્ટિશનર ડોક્ટર્સને દર્દી દીઠ નાણાંનું તગડું કમિશન પણ ચેરમેન કાર્તિક પટેલની સહીથી ચૂકવાતું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ખ્યાતિ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૧૧૨ લોકોના મોત થયા છે, તેની તપાસ ચાલુ છે. હોસ્પિટલે કુલ ૩૫૭૮ ક્લેઇમ કર્યા હતા.**

ખાસ સરકારી વકીલ વિજય બારોટે એવી દલીલ કરી હતી કે, આ સમગ્ર કેસમાં આરોપી વિદેશ ભાગી ગયો હોઈ અને હાજર થતો ન હોવાથી ચેરમેન કાર્તિક પટેલ વિરુદ્ધ LOC (લૂક-આઉટ સર્કયુલર) પણ ઈશ્યૂ કરાયો છે.

આરોપી ચેરમેન કાર્તિક પટેલે એક ચોક્કસ પ્રકારની પદ્ધતિથી ખ્યાતિ હોસ્પિટલને ખોટ કરતું એકમ દર્શાવ્યું હતું, પરંતુ વાસ્તવમાં હોસ્પિટલના માધ્યમથી મોટાપાયે નાણાંકીય કૌભાંડ આચરાતું હતું.

ચેરમેન કાર્તિક પટેલ તથા તેના ડાયરેક્ટર્સ ચિરાગ રાજપૂત, ડો.સંજય પટોલિયા, રાજશ્રી કોઠારી તથા રાહુલ જૈનની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંથલી મીટિંગ કાર્તિક પટેલની અમદાવાદ ખાતેની ઓફિસમાં યોજાતી હતી અને મહિનામાં બે વખત રિવ્યૂ મીટિંગ યોજાતી હતી.

જેમાં ખ્યાતિ હોસ્પિટલને વધુમાં વધુ આવક થાય તે હેતુસર મેડિકલ સહાય આપતી સરકારની યોજનાઓના ઓઠા હેઠળ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવા અને વિવિધ પ્રકારના ફ્રી હેલ્થ કેમ્પ યોજવાની ચર્ચા થતી હતી.

આરોપીઓ દ્વારા વધુમાં વધુ વ્યક્તિને દર્દી તરીકે હોસ્પિટલમાં લાવવાનો ટાસ્ક કાર્તિક પટેલ અને અન્ય સહઆરોપી દ્વારા સોંપાતો હતો. હોસ્પિટલ દ્વારાઁ સ્ત્તછરૂ યોજના હેઠળ રૂ.૧૯.૧૪ કરોડથી વધુની રકમ મેળવાઈ છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આવકના નવા સ્ત્રોત ખુલશે. સ્નેહીમિત્રોથી સહયોગ મળશે. પરિવારના સંબંધોમાં મજબૂતાઈ જણાશે. રોજગારી માટે સારી તકો મળશે.

**વૃષભ (બ.વ.ઉ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વડીલોનો ઉત્તમ સહયોગ મળશે. ઢીંચણ સાંધા વિષયક તકલીફ જણાશે. રોજગારી માટે ઉત્તમ તકો મળશે. મધુર વાણીથી કામ સરળ બનશે.

**મિથુન (ક.છ.ઘ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ધંધાકીય યોજનાઓ બનાવી શકશો. નોકરીયાતની ઇચ્છાઓ પૂર્ણ થશે. કરેલો પરિશ્રમ ફળદાયી બનશે. પ્રેમ સંબંધોમાં દૂરી જણાશે.

**કર્ક (ડ.હ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સરકારી કામમાં લાભ મળશે. ધંધાકીય કામમાં લાભ થશે. કોર્ટ-કચેરીનાં કામકાજમાં સાચવવું. નાના પ્રવાસના યોગો બને.

**સિંહ (મ.ટ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક પાસુ મજબૂત બનશે. ધંધાકીય બાબતોમાં પ્રગતિ થશે. લેવડ-દેવડમાં સાચવીને કામ કરવું. ખાવાપીવામાં કાળજી રાખવી.

**કન્યા (પ.ઠ.ણ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પરિવારજનોનો સહયોગ મળશે. યાત્રા-પ્રવાસના યોગોથી લાભ થશે. અવિવાહિતને સારા સમાચાર મળશે. જમીન અને તેને લગતા રોકાણોથી લાભ થશે.

**તુલા (ર.ત.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક બાબતોમાં સામાન્ય પરેશાની જણાશે. નોકરીયાતને કામમાં નવીન તકો મળે. પારિવારિક સંઘર્ષથી દૂર રહેવું. કોઈપણ નિર્ણયો સમજી-વિચારીને લેવા.

**વૃશ્ચિક (ન.ય.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પરદેશના કામકાજમાં લાભ થશે. નોકરીયાતને કાર્યભારમાં વધારો થશે. પૈતૃક સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળશે.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ જૂની ઉઘરાણીમાં લાભ થશે. આવક-જાવકનું પ્રમાણ જળવાઈ રહેશે. વાહન ચલાવવામાં કાળજી રાખવી. સહકર્મચારીનો સહયોગ મળશે.

**મકર (ખ.જ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ જીવનસાથીનો સહયોગ અને સાનિધ્ય મળશે. આવકના નવા દ્વાર ખુલશે. કોઈપણ કાર્યમાં ધીરજ રાખવી. મુશ્કેલીમાંથી માર્ગ મળશે.

**કુંભ (ગ.શ.સ.ષ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ભાઈ-બહેનોના સંબંધમાં મધુરતા જણાશે. સારા સમાચારથી ખુશીમાં વધારો થશે. કોઈપણ રોકાણ માટે સમય મધ્યમ છે. તનાવવાળા કામકાજમાં સાચવીને કામ કરવું.

**મીન (દ.ચ.ઝ.થ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ઘર વપરાશની ચીજોમાં ખર્ચાઓ થશે. સામાજિક પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. માલ-મિલકતને લગતા પ્રશ્નોમાં મુશ્કેલી જણાશે. નોકરીમાં મહેનતનું ફળ મળશે.

## ફિલ્મી ગપશપ

# સંધ્યા થિયેટર નાસભાગ કેસ : અલ્લુ અર્જુન એક મહિના બાદ ઘાયલ બાળકને મળ્યો

### મુલાકાત ગુપ્ત રખાઇ : સુરક્ષા વચ્ચે અલ્લુ હોસ્પિટલ પહોંચ્યો



હૈદરાબાદ, તા. ૭

સંધ્યા થિયેટરમાં પુષ્પા-૨ના સ્ક્રીનિંગ વખતે થયેલી નાસભાગમાં ઈજાગ્રસ્ત બાળકની અલ્લુ અર્જુને મંગળવારે મુલાકાત લીધી હતી. અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા-૨'ના સ્ક્રિનિંગ દરમિયાન નાસભાગમાં એક મહિલાનું મોત થયું હતું અને તેનો પુત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

આ દુર્ઘટના બાદ પીડિત બાળક સાથે મુલાકાત ન કરવા બદલ અલ્લુ અર્જુનની સતત ટીકા થઈ રહી હતી. જો કે, એક મહિના પછી અલ્લુ અર્જુને આ બાળકની મુલાકાત લીધી હતી.

આ વાત ગુપ્ત રખાઈ હતી. ટ્રેડ એક્સપર્ટ મનોબાલા વિજયબાલને પોતાના ઠ હેન્ડલ પર અલ્લુ અર્જુનની હોસ્પિટલની મુલાકાતની તસવીરો અને વીડિયો શેર કર્યા છે. એક વીડિયોમાં અલ્લુ અર્જુન સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે બ્લેક કારમાં હોસ્પિટલ પહોંચ્યો હતો તે જોઈ શકાય છે.

અલ્લુ અર્જુને પોલીસ પાસે હોસ્પિટલ જવાની પરવાનગી માગી હતી. રામગોપાલપેટ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જે એક્ટરને નોટિસ મોકલી હતી, જેમાં તેમને રવિવારે હોસ્પિટલની મુલાકાત લેવાની પોતાની યોજના પર પુનર્વિચાર કરવા કહ્યું હતું, કારણ કે લોકોને આ કેસમાં ઘણી રુચિ છે. તેમણે એ પણ નક્કી કરવું જોઈએ કે તેમના જવાથી હોસ્પિટલ અને અન્ય દર્દીઓની કામગીરીમાં કોઈ સમસ્યા ન થાય.


હોસ્પિટલની મુલાકાત અંગે પોલીસે કહ્યું કે, જો અલ્લુ અર્જુન હજી પણ હોસ્પિટલમાં જવા માંગે છે, તો અભિનેતાએ હોસ્પિટલ મેનેજમેન્ટ અને પોલીસ સાથે સંકલન કરવું જોઈએ. હોસ્પિટલમાંથી તેમના પ્રવેશ અને બહાર નીકળવાનું આયોજન એ રીતે કરવું જોઈએ કે દર્દીઓ અને જનતાને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે.

પોલીસે તેમને તેમની મુલાકાતની ગોપનીયતા જાળવવાની પણ સલાહ આપી હતી, જેથી હોસ્પિટલમાં જનતા/મીડિયાનો કોઈ મેળાવડો ન થાય કારણ કે તે હોસ્પિટલના શાંતિપૂર્ણ માહોલને ખરાબ કરી શકે છે.

## ચીનથી ભારતમાં પગપેસારો કરનાર

# HMPV પોઝીટીવ વાયરસની માહિતી છુપાવવા બદલ અમદાવાદની હોસ્પિટલને નોટિસ અપાઈ

**અમદાવાદની ઓરેન્જ હોસ્પિટલમાં દાખલ બે મહિનાના બાળકને HMPV વાયરસ ડિટેક્ટ થયાની માહિતી મોડી અપાતા AMC નું પગલું**



અમદાવાદ,તા.૭

ચીન બાદ ભારતમાં પણ HMPV વાયરસે દેખા દીધી છે. ભારતના ઘણા રાજ્યોમાં તેના કેસ નોંધાયા છે. ત્યારે ગુજરાતમાં પણ તેનો એક કેસ અમદાવાદમાં નોંધાયો છે. અમદાવાદ શહેરના ચાંદખેડાની ખાનગી હોસ્પિટલમાં બાળકને સારવાર માટે દાખલ કરવામાં આવ્યું છે. આ દરમિયાન અમદાવાદ મ્યુનિસપિલ કોર્પોરેશન દ્વારા ચાંદખેડાની ઓરેન્જ હોસ્પિટલને નોટિસ ફટકારવામાં આવી છે.

અમદાવાદ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ઓરેન્જ હોસ્પિટલને નોટિસ ફટકારવામાં આવી છે. હોસ્પિટલમાં ડિસેમ્બર માસમાં એક બાળકને વાયરસ ડિટેક્ટ થયો હોવા છતાં AMCને જાણ કરી ન હતી. આથી AMC દ્વારા નોટિસ પાઠવવામા આવી છે અને હેલ્થ વિભાગને હોસ્પિટલ પર કાર્યવાહી કેમ ન કરવી અને માહિતી છુપાવવા બદલ નોટિસ આપી જવાબ માંગ્યો છે.

ઓરેન્જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ ૨ મહિનાના બાળકના HMPV ના પોઝિટીવ કેસની છસ્ઝ્ઝ ના આરોગ્ય વિભાગને મોડી જાણ કરવામાં આવતા છસ્ઝ્ઝએ હોસ્પિટલને નોટિસ ફટકારીને ખુલાસો કરવા જણાવ્યું છે.

હોસ્પિટલમાં રાજસ્થાનના ડુંગરપૂરથી ૨૪ ડિસેમ્બરના રોજ એક બાળકને દાખલ કરવામાં આવ્યું હતું અને ૨૬ ડિસેમ્બરના રોજ તેમાં વાયરસનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.

## વધુ એક વખત વિસાવદર ધારાસભાની પેટા ચૂંટણીની જાહેરાત ન થઇ



(ગરવી તાકાત) અમદાવાદ તા.૭

ગુજરાતમાં વિસાવદર ધારાસભા બેઠક ખાલી પડી છે અને દિલ્હીની ચૂંટણી સાથે ઉત્તર પ્રદેશની એક પેટા ચૂંટણી પણ જાહેર થઈ છે પરંતુ વિસાવદર બેઠક કે જે ૨૦૨૨ની ચૂંટણી બાદ તૂર્ત જ ખાલી પડી હતી ત્યાં ફરી એક વખત ચૂંટણી જાહેર ન થતાં પ્રશ્નો સર્જાણા છે.

લોકસભા ચૂંટણી સમયે અન્ય પાંચ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી યોજવામાં આવી હતી અને તે સમયે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે કહ્યું હતું કે, ટેકનીકલ કારણોસર આ ચૂંટણી યોજાઈ નથી.વાસ્તવમાં ચૂંટણીનો વિવાદ હાઈકોર્ટમાં પેન્ડીંગ છે પરંતુ તેમાં સમાધાન થઈ ગયાની ચર્ચા છે. પરંતુ હાઈકોર્ટમાંથી કેસ પાછો નહીં ખેંચાતા વિસાવદરની પેટા ચૂંટણી ફરી એક વખત ટળી છે.

## ૫૪૦ ફુટના બોરવેલમાં સરકી ગયેલી યુવતીને બહાર કાઢવામાં એક તબક્કે માત્ર ૬૦ ફુટનું અંતર રહી ગયું હતું

# બોરવેલમાં ફસાયેલી યુવતી 'ઇન્દીરા' છેવટે જિંદગીનો જંગ હારી ગઇ : 30 કલાકનું રેસ્ક્યુ ઓપરેશન નિષ્ફળ

**એનડીઆરએફ, બીએસએફ, ડિઝાસ્ટર સહિતની એજન્સીઓના ભરચકક પ્રયાસો સફળ ન થયા : હવે મૃતદેહ બહાર કાઢવા મથામણ**

ભુજ, તા. ૭

કચ્છમાં ભુજના કંઢેરાઇ ગામે બોરવેલમાં પડી ગયેલી યુવતી છેવટે જિંદગી સામેનો જંગ હારી ગઈ હોય તેમ આજે બચાવ ઓપરેશન વચ્ચે તેનું મૃત્યુ નિપજયું હતું. ૩૦ કલાક કરતા વધુ સમય સુધી રેસ્કયુ ઓપરેશન ચાલ્યુ હતું. છતાં યુવતીને સલામત રીતે બહાર કાઢવામાં સફળતા મળી ન હતી.

ઈન્દીરા મીણા નામની આ યુવતીના મોતથી સમગ્ર પંથકમાં અરેરાટીની લાગણી પ્રસરી ગઈ છે. યુવતીનો મૃતદેહ ફુલાઇ ગયો હોવાથી હવે તેને બોરવેલમાંથી બહાર કાઢવામાં પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ભુજના કંઢેરાઇ ગામે ઈન્દીરા મીણા નામની યુવતી ૫૪૦ ફુટ ઉંડા બોરવેલમાં સરકી ગઇ હોવાનું જાહેર થયું હતું જેને પગલે ગઈકાલે વ્હેલી સવારથી એનડીઆરએફ, બીએસએફ, આર્મી, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ફાયર બ્રિગેડ સહિતની એજન્સીઓ દ્વારા રેસ્કયુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રાથમિક કામગીરીમાં સફળતા ન મળતા ગાંધીનગરથી એનડીઆરએફની ટીમ તાબડતોબ બોલાવવામાં આવી હતી અને તેના દ્વારા બોરવેલ આસપાસ ખાસ સ્ટ્રકચર તૈયાર કરીને યુવતીને સહી સલામત બહાર કાઢવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા.

પ્રારંભિક કલાકોમાં યુવતીની બચાવો બચાવોની બુમો સંભળાતી હતી પરંતુ તે પછી અટકી હતી જોકે રેસ્કયુ ઓપરેશન દરમ્યાન યુવતી જીવીત છે કે કેમ તેની સતત વોચ રાખવામાં આવતી હતી અને તે જીવીત હોવાનું માલુમ પડયુ હોવાથી બચાવાના પ્રયત્નો વધુ તેજ કરવામાં આવ્યા હતા.



એવું જાણવા મળ્યું હતું કે, ૫૪૦ ફુટ ઉંડા બોરમાં પડી ગયેલી યુવતીને રેસ્કયુ ઓપરેશન દરમ્યાન એક તબકકે ઉપર લાવવામાં આવી હતી અને માત્ર ૬૦ ફુટનું અંતર બાકી રહ્યું હતું ત્યાં ઓચિંતી અડચણ આવતા ફરી યુવતી ૧૦૦ ફુટ નીચે ઉતરી ગઈ હતી જયાંથી તેને બચાવવાના પ્રયત્નો શરૂ કરાયા હતા પરંતુ આજે બપોરે યુવતી જિંદગીનો જંગ હારી ગઈ હોય તેમ તેનું મૃત્યુ થયાનું જાહેર થયું હતું.

એનડીઆરએફની ટીમ દ્વારા રોબોટીક ટેકનોલોજીની મદદથી મૃતદેહ બહાર કાઢવાનો પ્રયાસ કરાયો હતો. મૃતદેહ બોરવેલમાં જ ફુલી ગયો હોવાથી બહાર કાઢવામાં મુશ્કેલી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. ૩૦ કલાક કરતા વધુ સમય સુધીનું રેસ્કયુ ઓપરેશન નિષ્ફળ જતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઇ ગઇ છે.

## કરચોરીની રકમની કસુરદારો પાસેથી વસુલાત કરવામાં આવી

# પાન-મસાલા અને તમાકુનાં ડિલરોને ત્યાંથી રૂ?.૯.૨૨ કરોડની કરચોરી ઝડપી લેતુ જી.એસ.ટી

(ગરવી તાકાત) અમદાવાદ તા.૭

નવા વર્ષની શરૂઆતથી જ સ્ટેટ જી.એસ.ટી.વિભાગ દ્વારા કરચોરોને નિશાન બનવાઈ રહ્યા છે.અને રાજયમાં ઠેર-ઠેર દરોડા પાડી કરોડો રૂપિયાની કરચોરી ઝડપી લેવામાં આવી રહી છે. ત્યારે, જી.એસ.ટી.વિભાગે પાન-મસાલા અને તમાકુંનાં કિલરોને ત્યાં દરોડા પાડી કરોડો રૂપિયાની કરચોરી ઝડપી લીધી છે.



આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ ચોકકસ ઈન્ટેલિજન્સ ઈનપુટ્સ અને સર્વેલન્સના આધારે સ્ટેટ જીએસટી વિભાગે ૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ચાંગોદર અને એસ.જી.હાઈવે સહિત અમદાવાદમાં ૧૦ સ્થળોએ તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન રોકડના વ્યવહારો દ્વારા બિનહિસાબી વેચાણ, બિનહિસાબી સ્ટોક અને બિન નોંધાયેલ ડીલર જેવી ઘણી ગેરરીતિઓ શોધી કાઢવામાં આવી હતી.

નોંધાયેલ કરદાતાઓ અને બિન નોંધાયેલ ડીલરોને ત્યાંથી લગભગ રૂ?.૯.૨૨ કરોડની કરચોરી મળી આવી હતી.આ કરચોરીની રકમ કસુરદારો દ્વારા સ્વીકારી અને ચૂકવવામાં આવી છે. સ્ટેટ જીએસટી વિભાગ સરકારી આવકના રક્ષણ અને વસુલાત માટે કાયદેસરની કાર્યવાહી કરવા પ્રતિબદ્ધ છે.

---

## હું સુખી થાઉં અને બીજાને સુખી ન કરૂં એવી ભાવના હશે તો સુખ તમારો ત્યાગ કરશે, પરંતુ બીજાને સુખી કરવાની ઈચ્છા કરવાવાળો કોઈ દિવસ દુઃખી થતો નથી.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



આજે અચાનક વધેલી ઠંડી અને નેપાળ તિબેટ વિસ્તારમાં આવેલ ભૂકંપ,અને ચીની વાયરસના વધતા કહેર વચ્ચે આપણે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો

કામ અને સંપત્તિ આ બે વસ્તુમાં થી મનને હટાવવાનું છે. અનેક વખત મનુષ્ય તનથી ત્યાગ કરે છે, પણ મનથી ત્યાગ કરતો નથી. તનથી ત્યાગ કરે પણ મનથી ત્યાગ ન કરે તો એ દંભ છે.આ બે વસ્તુમાં માયા છે,મધ છે, આકર્ષણ છે. બે વસ્તુથી મનને સાચવો તો શરીર મથુરા બનશે. યૌવનને ભોગવિલાસમાં ન બગાડો જુવાનીમાં જે મનને અંકુશમાં રાખે તે ડાહ્યો.શક્તિ, સંપત્તિ છતાં જેનું મન વિષયોમાં ન જાય તે સંયમી. ઘડપણમાં આંખ બગડી હોય, પૂરું દેખાતું ન હોય અને પછી ડોસો સિનેમા જોવાનું છોડે તેમાં શું ધાડ મારી.

ભક્તિ સહેલી નથી.પરસ્ત્રી,પર ધનની આસક્તિ છૂટ્યા વગર ભક્તિનો આરંભ થતો નથી. સવારે સેવા કરો એટલે ભક્તિ થઈ ગઈ તેમ ન સમજો.ભોગ બુદ્ધિ છે ત્યાં સુધી ઈશ્વરની ભક્તિ થતી નથી.દ્રવ્યનું ચિંતન અને વિષયોનું ચિંતન છોડો, તો તમારી કાયા પવિત્ર મથુરા જેવી થશે.આ શરીરને મથુરા બનાવવું હશે તેને યમુનાને કિનારે રાખવું પડશે. યમુના એ ભક્તિ સ્વરૂપ છે. યમુના કિનારો તો ભક્તિનો કિનારો છે.ચોવીસ કલાક ભક્તિ ના કિનારે રહેશો,તો તમારું શરીર જ મથુરા જ થઈ જશે.

આ શરીરને મથુરા બનાવો.વિષયો અને સંપત્તિના મદથી મનને જે સાચવે છે તેનું શરીર મથુરા બને છે. મથુરા શબ્દને ઊલટાવો તો થશે રાથુમ.થુ વચમાંથી કાઢી નાખો એટલે રહેશે રામ.જેના મુખમાં હંમેશાં રામ રહે છે, તેનું શરીર મથુરા બને છે. પરમાત્માનું સતત અનુસંધાન હોય તો 'રામ' રહે છે અને ન હોય તો 'થુ' રહે છે.યમદૂતો તેના ઉપર થૂ થૂ કરે છે

આપણે તીર્થમાં જઈએ છીએ એ સારી વાત છે,પણ શરીરને તીર્થ જેવું પવિત્ર બનાવો.શરીરને મથુરા બનાવો અને હૃદયને ગોકુળ બનાવો ગો શબ્દના ઘણા અર્થ થાય છે.ગો એટલે ઇન્દ્રિય,ગો એટલે ભક્તિ,ગો એટલે ગાય, ગો એટલે ઉપનિષદ.ઇન્દ્રિયોને વિષયો તરફ ન જવા દેતાં પ્રભુ તરફવાળો કારણ તેના માલિક પ્રભુ છે.એક એક ઇન્દ્રિયને ભક્તિરસમાં તરબોળ બનાવો. ઘણાં કાનથી ભક્તિ કરે છે,આંખ થી કરતાં નથી.ઘણાં આંખથી ભક્તિ કરે છે પણ મન થી કરતા નથી.પ્રત્યેક ઇન્દ્રિયથી શ્રીકૃષ્ણ રસનું પાન કરો.એક એક ઇન્દ્રિયને ભક્તિ રસમાં તરબોળ બનાવશો,તો તમારું હૃદય ગોકુળ બનશે અને પરમાનંદ પ્રગટ થશે. જે ઇન્દ્રિય ભક્તિ મ કરે તે પાપ કરે છે. પ્રત્યેક ઇન્દ્રિયથી શ્રીકૃષ્ણ રસનું પાન કરે તે ગોપી.વૈષ્ણવ પરમાત્માના દિવ્ય પ્રકાશને હૃદયમાં નિહાળે છે.ઠાકોરનાં દર્શન કર્યા પછી આંખ બંધ કરી સ્વરૂપને અંદર જુઓ. શ્રીકૃષ્ણના સ્મરણ માં દેહનું કે સંસારનું ભાન ન રહે તો તમારો નંદમહોત્સવ સફળ છે. શરીરથી નહીં પણ મનથી રોજ ગોકુળમાં જાઓ. મનથી મથુરા જાઓ.શરીર ગમે ત્યાં હોય,મનને વૃંદાવનમાં મોકલો ભાવના કરોકે યશોદાની ગોદમાં બાલકૃષ્ણ છે, ગોપીઓ લાલાનાં દર્શન કરવા દોડતી જાય છે. લાલાની એક એક લીલાનું એમ સિંચન કરો. જ્ઞાનમાર્ગમાં ભેદનો નિષેધ કરવામાં આવે છે.ભક્ત ભક્તિ દ્વારા ભગવાન સાથે એક બને છે,બંને ધ્યેય એક જ છે. ભક્તિમાં આરંભમાં ભેદ છે. પછી ભક્ત અને ભગવાન એક બને છે.

જગતનું ભાન છે ત્યાં સુધી દર્શન માં સાચો આનંદ મળતો નથી. દેહનું ભાન છે ત્યાં સુધી દેહદર્શન થતું નથી. ધ્યાન વગર ઈશ્વરનો સાક્ષાત્કાર થતો નથી. વસુદેવ-દેવકીએ અગિયાર વર્ષ સતત ધ્યાન કરેલું. ધ્યાન કરનારો હું ધ્યાન કરું છું તે પણ ભૂલે છે. જગતને ભૂલે છે.ફક્ત એક ઈશ્વર ભાવ બાકી રહે છે. આનું નામ અદ્વૈત છે.

સંતોના જીવનને જોઈએ તો જણાશે કે,સંતોએ બહુ દુઃખ ભોગવ્યું છે. સંતો દુઃખી થાય છે તો પણ તેમના મન ઉપર દુઃખની અસર થતી નથી.નરસિંહ મહેતા નાં પત્ની મરણ પામ્યાં તો મહેતા જીએ ગાયું,"ભલું થયું ભાંગી જંજાળ,સુખે ભજશું શ્રી ગોપાળ "વૃંદાવનમાં ઘણા સાધુઓ નંદ મહોત્સવના અઢાર શ્લોકનો રોજ પાઠ કરે છેઅને રોજ નંદ મહોત્સવ કરે છે.મનથી ભાવના કરવાની અને મનથી વૃંદાવન જવાનું.શરીર ગમે ત્યાં હોય,પણ ભાવના કરો કે,હું નંદ બાબાના મહેલમાં છું.યશોદાની ગોદમાં કનૈયો બેઠો છે,ગાયો કૂદા કૂદ કરે છે,ગોપીઓ થૈ થૈ નાચે છે. એના સ્મરણથી આખો દહાડોઆનંદમાં જશે. એક સ્વરૂપનું ધ્યાન કરવાનું ન બને. શ્રીકૃષ્ણ લીલાનું કીર્તન કરો.નંદ બાબાનું ગોકુળ પ્રેમ ભૂમિ છે. હું સુખી થાઉં અને બીજાને સુખી ન કરું એવી ભાવના હશે તો સુખ તમારો ત્યાગ કરશે, પરંતુ બીજાને સુખી કરવાની ઈચ્છા કરવાવાળો કોઈ દિવસ દુઃખી થતો નથી.

નવમીના દિવસે સવારે ચાર વાગે ગોકુળમાં આનંદ મહોત્સવ થયો હતો,તેથી નંદમહોત્સવ બ્રહ્મ મુહૂર્તમાં કરવાનો. પ્રાતઃકાળમાં વહેલા ઊઠી અડધો કલાક ધ્યાન કરો, ઈશ્વર સાથે એક બનો. બાર વર્ષ નિયમપૂર્વક આ પ્રમાણે કરો તો અનુભવ થશે.પ્રાતઃકાળમાં ધ્યાન,પ્રાર્થના કર્યા હશે,તો આખો દિવસમાં આનંદમાં જશે. કંઈ ન બને તો આંખો બંધ કરો.આ નંદ મહોત્સવનું ધ્યાન કરજો,તેથી મન શુદ્ધ થશે.

શ્રાવણ વદી દ્વાદશીના દિવસે ભગવાન શંકર ગોકુળમાં પધાર્યા.

શંકર યોગીશ્વર અને શ્રીકૃષ્ણ યોગેશ્વર છે.ભગવાન શંકર નિવૃત્તિ ધર્મનો આદર્શ બતાવે છે, શ્રીકૃષ્ણ પ્રવૃત્તિ ધર્મનો આદર્શ બતાવે છે. બધી પ્રવૃત્તિ કરે છે, છતાં કોઈ પ્રવૃત્તિમાં આસક્તિ નથી.કૃતિ કરે છે તે પ્રવૃત્તિ નિવૃત્તિ સમાન છે. ભગવાન શંકર કહે છે કે,જેને બ્રહ્માનંદ લેવો છે તેને હાંડી નિવૃત્તિ લેવી જ પડશે.

શિવજી ગામમાં પણ વધારે વખત રહેતા નથી, સ્મશાનમાં રહે છે. શિવજી કહે છે ધ્યાનાનંદ. ભજનાનંદ લેવો હોય તો થોડી પ્રવૃત્તિ ઓછી કરો.

એક ખેડૂતને બે કન્યાઓ.તેમાંથી એક કુંભારને આપેલી અને બીજી ખેડૂતને આપેલી.પિતાએ શું કન્યા ખેડૂતને આપેલી તેના ઘરે આવ્યા. કન્યાને પૂછ્યું, કેમ બહેન,કેમ છે?કન્યાએ કહ્યું કે,આ વરસાદ પડતો નથી.વરસાદ પડે તો લીલા લહેર છે.તે પછી કુંભારને આપેલી કન્યા ને ઘરે બાવ્યા અને કન્યાને કુશળ સમાચાર પૂછ્યા.તે કન્યા એ કહ્યું, માટીનાં વાસણ તૈયાર કર્યાં છે. તેના માટે ભઠ્ઠી ચડાવવી છે. એકવાર વાસણ તૈયાર થઈ જાય પછી વરસાદ પડે તો સારું!આ બાપ-દીકરીઓની કથા નથી. જીવ માત્રની પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બે કન્યાઓ છે.આ બે કન્યા ઓ એક સાથે રહી શકે નહીં. એક દુઃખી થશે ત્યારે બીજી સુખી થશે. નિવૃત્તિનો આનંદ લેવો હોય તો પ્રવૃત્તિનો મનથી ત્યાગ કરો. શરીરમાં શક્તિ હોય ત્યારે વિવેક થી ધીરે ધીરે પ્રવૃત્તિ ઓછી કરો, પ્રભુ માટે થોડો સમય કાઢો.

વાતો બ્રહ્મજ્ઞાનની કરે અને પ્રેમ પૈસા સાથે કરે, સ્ત્રી સાથે કરે, સંસારના જડ પદાર્થ સાથે કરે છે એને કોઈ દિવસ બ્રહ્મજ્ઞાન પચે નહીં.જગત ખોટું છે એમ બોલવા માં લાભ નથી,પણ જગત ખોટુંછે એમ માની જગતમાં રહેવાનું છે. વ્યવહાર ખોટો છે તેમ માની વ્યવહાર કરો.

યોગીશ્વર અને યોગેશ્વરનું આ મિલન છે.ભગવાન શંકર એકલા શ્રાવણ શ્રીકૃષ્ણ દ્વાદશીને દિવસે શ્રીકૃષ્ણનાં દર્શન કરવા જાય છે, ત્યારે તેમના ખાસ ગણ શ્રૃંગીભંગી કહે છે કે, અમે પણ તમારી સાથે આવીશું.ભજન અને દર્શન એકલાં કરવાં, કારણકે બીજા સાથે હોય તો બીજાના રજોગુણ આપણામાં આવે છે. દર્શન એક ચિત્તે કરો.દર્શન કરી મંદિરમાં ઓટલે બેસવાનું અને ચિંતન કરવાનું કે, ઠાકોરજીનું જે સ્વરૂપ જોયું તે બીજા દિવસ સુધી આંખ માંથી અને મનમાંથી ખસે નહીં. દર્શન કર્યા પછી ઠાકોરજીને ઘરે લઈ જાય એનાં દર્શન સાચાં. ઈશ્વર સિવાય કોઈનો પણ સાથ રાખવો નહીં. જીવ દગાખોર છે. જીવ અભિમાની છે. સંતની દૃષ્ટિ પરમા ત્માનાં કોઈ સ્વરૂપમાં ઠરેલી જ હોય છે. બાહ્ય દૃષ્ટિ નીચી જ હોય છે. શંકરની દૃષ્ટિ બ્રહ્મમાં જ હતી.શ્રૃંગીએ અને ભૃંગીએ સાથે થવા કહ્યું, ત્યારે શંકરે ના પાડી. કહે કે તમે સાથે આવો તો મારાં દર્શન-ધ્યાનમાં વિક્ષેપ પડશે. નંદજી વસુદેવના દુઃખની વાત પૂછે છે, તમારે ત્યાં કન્યાનો જન્મ થયો હતો, તે કંસ તેને મારવા આવ્યો હતો એમ સાંભળ્યું છે.

વસુદેવજી કહે છે,એ વાત સાચી છે. તેમાં કંસનો દોષ નથી,પરંતુ મારા કર્મનો દોષ છે. પણ બાબા, તમારે ઘરે બાળક છે તે મારો જ છે.નંદબાબા ભોળા હતા. વસુદેવ ની ગૂઢાર્થ વાણી તેઓ સમજતા નથી. કહે છે,હા,હા,મારા ઘરમાં દીકરો છે તે તમારો જ છે.

નંદ એટલે જીવ.જીવ ગોકુળ છોડીને જાય ત્યારે રાક્ષસો આવે. કામ, લોભ, ક્રોધ બધા રાક્ષસો છે. નંદથી શ્રીકૃષ્ણને છોડી કંસને ત્યાં જાય છે, ત્યારે ગોકુળમાં વિપત્તિ આવે છે,ઉત્પાત થાય છે. યોગમાયાએ જ્યારે કંસને આકાશવાણી દ્વારા કહ્યું કે, તારો કાળ તો જન્મી ચૂક્યો છે,ત્યારે કંસ ગભરાયો હતો.તરતનાં જન્મેલાં તમામ બાળકો મારી નાખવાનો તેણે હુકમ કર્યો હતો અને પૂતનાને ગોકુળ તરફ મોકલી હતી.પૂતના ચતુર્દશીના દિવસે પ્રાતઃકાળ ગોકુળ આવી. પૂતના શબ્દનો અર્થ વિચારો પૂત એટલે પવિત્ર,ના એટલે નહીં. જે પવિત્ર નથી તે પૂતના. પવિત્ર શું નથી? અજ્ઞાન.માટે પૂતના એટલે અજ્ઞાન અવિદ્યા પવિત્ર શું?જ્ઞાન ગીતાજી માં કહ્યું છે કે,જ્ઞાન સમાન પવિત્ર આ સંસારમાં બીજું કંઈ નથી.આ જ્ઞાન એટલે પૈસા કમાવ વાનું જ્ઞાન નહીં, પણ આત્મસ્વરૂપનું જ્ઞાન, દિવ્યજ્ઞાન,એ પરમ પવિત્ર છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે સવારે ફૂલ ગુલાબી ઠંડીમાં ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરશો તેવી આશા સહ અસ્તુ.

## બાવીસી ગોળ આંજણા ચૌધરી સમાજ દ્વારા પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીના અધ્યક્ષ સ્થાને

# વિસનગર આદર્શ વિદ્યાલય ખાતે તેજસ્વી સન્માન સમારોહ યોજાયો : વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા





(ગરવી તાકાત) મહેસાણા તા.૭

આદર્શ વિદ્યાલય ખાતે બાવીસી ગોળ આંજણા ચૌધરી સમાજ દ્વારા તેજસ્વી સન્માન સમારંભ - ૨૦૨૫ કાર્યક્રમ યોજાયો. જેમાં અધ્યક્ષ શ્રી વિપુલભાઈ ચૌધરી, શ્રી દીપકભાઈ ચૌધરી, શ્રી જશવંતભાઈ ચૌધરી,શ્રી સતિષભાઈ ચૌધરી તમામ કલાસ ૨ અધિકારીશ્રીઓ અને શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન રેખાબેન ચૌધરી, આદર્શ વિદ્યાલયના પ્રમુખ કે કે ચૌધરી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હસમુખભાઈ ચૌધરી, નટુભાઈ ચૌધરી, યુવક મંડળના પ્રમુખ શ્રી ચંદ્રેશભાઈ ચૌધરી, અર્બુદા ક્રેડિટ સોસાયટી ચેરમેન શ્રી નારાયણભાઈ ચૌધરી, લોકસાહિત્યકાર ઈશ્વરભાઈ ચૌધરી હાજર રહ્યા.

આ કાર્યક્રમ માટે ઈનામના દાતા હર્ષદભાઈ ચૌધરી ના ધર્મપત્ની ભારતીબેન ભોજન ના દાતા શ્રી મનુભાઈ બ્રાહ્મણવાડા બાવીસી ગોળના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ચૌધરી મહામંત્રી શ્રી ભરતભાઈ ચૌધરી સમાજના વિદ્યાર્થી ભાઈ બહેનો માતાઓ અને સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહનપૂરું પાડ્યું હતું.

## ધારાસભ્ય ડો.સી.જે.ચાવડાના અધ્યક્ષ સ્થાને વિજાપુર તાલુકાના સાંકાપુરા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ સહ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો

# વિશાળ સંખ્યામાં ખેડૂત અને પશુપાલક ભાઈઓ બહેનો સહભાગી બન્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને ×આત્મા‘પ્રોજેકટ અંતર્ગત આજરોજ વિજાપુર તાલુકાના સાંકાપુરા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી વિજાપુરના ધારાસભ્યશ્રી ડૉ.સી.જે.ચાવડાએ જણાવ્યું હતું કે,×આપણે સૌ પ્રાકૃતિક કૃષિ અપનાવીએ અને ભાવિ પેઢીને સ્વસ્થ બનાવી. ઈઝરાયેલ પદ્ધતિથી પ્રાકૃતિક ખેતી અપનાવીને ભાવિ પેઢીને સ્વસ્થ અને સમૃદ્ધ બનાવીએ.×



તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિસનગર, વડનગર , વિજાપુર,ખેરાલુ અને મહેસાણા તાલુકાના કૃષિકારો આજે મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા છે ત્યારે મારે જણાવવાનું કે ,×વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતને પ્રાકૃતિક ખેતીનું રોલ મોડલ બનાવવા માટે ઘનિષ્ઠ પ્રયાસો આદર્યા છે. ખોરાકની ગુણવત્તા અંગે સતત ચિંતાઓ વધી રહી છે. બિમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે રાસાયણિક તત્વોથી મુક્ત ખોરાકની માંગમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.ત્યારે આપણે સૌ પ્રાકૃતિક કૃષિ અપનાવીએ અને ભાવિ પેઢીને સ્વસ્થ બનાવીએ ×

ધારાસભ્યશ્રીએ ખેતી પશુપાલનની પરિસ્થિતિનું ક્રમશઃ ચિત્ર આપી જણાવ્યું હતું કે,× રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા પ્રાકૃતિક ખેતી ના અભિયાનને સરકારી અધિકારીશ્રીઓ તેમજ કર્મયોગીઓ વિવિધ તાલીમો દ્વારા વધારે પ્રેરકબળ પૂરું પાડી રહ્યા છે.

તેમણે ખેતી અને પશુપાલન કરવા સાથે શિક્ષિત થવા પર પણ ભાર મૂક્યો હતો....

ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ ફેડરેશનના પ્રમુખશ્રી હિતેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે,× પ્રાકૃતિક કૃષિ શા માટે અને કેમ કરવી જોઈએ. પ્રાકૃતિક ખેતી માટેના અવરોધો અને મહત્વપૂર્ણ પરિબળોની વિગતે માહિતી પૂરી પાડતા તેમણે જણાવ્યું હતું કે,× સરકાર, કુદરત, ખેડૂત તેમજ સામાજિક પરિસ્થિતિઓ પ્રાકૃતિક ખેતીમાં મહત્વના પરિબળો છે. સરકાર તો પ્રયાસ કરી જ રહી છે સાથે આપણે પણ વૃક્ષારોપણ અને જળસંચય કરીને આવતી પેઢી માટે મહત્વપૂર્ણ કામગીરી કરીએ.

તેમણે અનુરોધ કર્યો કે લગ્નમાં ગાય અને પ્રાકૃતિક અનાજ, બિયારણ, ઘી વગેરે આપો. માનવચક્રના અસ્તિત્વને ટકાવવા માટે પ્રાકૃતિક ખેતી અનિવાર્ય છે. બધા દર્દોની દવા પ્રાકૃતિક ખેતી છે. તમારી એનિવર્સરી, જન્મદિન અને બાધાઓમાં જળસંચય અને વૃક્ષારોપણની નેમ લઈને પ્રાકૃતિક ખેતી અપનાવીએ....×

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો એ પ્રાકૃતિક ખેતીમાં આદર્શ અને ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ખેડૂતોનું પ્રમાણપત્ર પત્ર આપી સૌનું સન્માન કર્યુ હતું. આ કાર્યક્રમમાં સફળ પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂત રામાભાઈ પટેલે પોતાના અનુભવો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં ગણપત યુનિવર્સિટી, ખેરવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો શ્રી શરદભાઈ સોની અને રમેશભાઈ પટેલે મુખ્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિશે માહિતી પૂરી પાડી હતી.જિલ્લા સંયોજકશ્રી રમેશભાઈ સુથારે અને એપીએમસી વિજાપુરના ચેરમેનશ્રી એ પ્રસંગિક પ્રવચન કરેલ...

સ્વાગત પ્રવચન કરતા ×આત્મા× પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી તેજલબેન શેઠે કાર્યક્રમની રૂપરેખા પૂરી પાડી હતી. કાર્યક્રમની આભાર વિધિ નાયબ પ્રોજેક્ટ ડાયરેક્ટર પી.જે.રાઠોટે કરી હતી. આ પરિસંવાદમાં મહેસાણા જિલ્લાની વિવિધ કચેરીઓના વિવિધ યોજનાઓ અને સફળતાઓ દર્શાવતા પ્રદર્શન સ્ટોલ રાખવામાં આવ્યા હતા. ધારાસભ્યશ્રીએ આ તમામ સ્ટૉલની મુલાકાત લઈ વિગતે વિગતો મેળવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અનીશ ભટ્ટ ,બાગાયત અધિકારીશ્રી નરેન્દ્રભાઈ ચૌધરી સહિત ગ્રામસેવકો, બીટીએમ, એટીએમ તેમજ આત્મા કચેરી અને ખેતીવાડી કચેરીના કર્મયોગીઓ સહિત ખેડૂત અને પશુપાલક ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નાબાર્ડની સંભવિત લિંક્ડ ક્રેડિટ યોજના (PLP) ૨૦૨૫-૨૬નું મહેસાણા જિલ્લા કલેક્ટર દ્વારા અનાવરણ કરવામાં આવ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

મહેસાણા જિલ્લાના વિકાસની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને નાબાર્ડ દ્વારા વર્ષ - ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષ માટે તૈયાર કરાયેલ PLP દસ્તાવેજમાં રૂ. ૧૫, ૯૯૨.૮૨ કરોડના બેંક ક્રેડિટની સંભાવના આંકવામાં આવી છે. આ દસ્તાવેજનું અનાવરણ મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એમ. નાગરાજન દ્વારા કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં શ્રી મહેશ ગાંગેય- લીડ જિલ્લા મેનેજર, શ્રી વિશ્રુભાઈ પટેલ - મહેસાણા ડીસીસીબીના સીઈઓ,શ્રી તુષાર મણિયાર - બરોડા ગુજરાત ગ્રામિણ બેંકના ડેપ્યુટી આર.એમ.અને શ્રી રાહુલ પાટીલ - નાબાર્ડ મહેસાણાના એજીએમ હાજર રહ્યા હતા.

જેમાં કૃષિ ક્ષેત્ર માટેની સંભાવના રૂ. ૯,૩૨૬.૫૩ કરોડ (૫૮.૩૨%) આંકવામાં આવી છે.જેમાં પાક લોન રૂ. ૪,૧૧૭.૫૫ કરોડ, પશુપાલન અને માછીમારી માટે કાર્યકારી મૂડી (ઘેટાં, બકરા અને મધમાખી ઉછેર સહિત) રૂ. ૬૪૫.૧૫ કરોડ, કૃષિ ટર્મ લોન રૂ. ૧,૫૦૦.૦૦ કરોડ, કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લોન રૂ. ૨૬૨.૧૬ કરોડ અને સહાયક પ્રવૃત્તિઓ લોન રૂ. ૨,૮૦૧.૬૭ કરોડનો સમાવેશ થાય છે. સ્જીસ્ઈ હેઠળની સંભાવના રૂ. ૫,૫૦૦.૫૮ કરોડ આંકવામાં આવી છે.જે કુલ પ્રાથમિક ક્ષેત્રના અંદાજનો ૩૪.૩૯% છે.

**આ કાર્યક્રમમાં શ્રી મહેશ ગાંગેય- લીડ જિલ્લા મેનેજર, શ્રી વિશ્રુભાઈ પટેલ - મહેસાણા ડીસીસીબીના સીઇઓ, શ્રી તુષાર મણિયાર - બરોડા ગુજરાત ગ્રામિણ બેંકના ડેપ્યુટી આર.એમ.અને શ્રી રાહુલ પાટીલ - નાબાર્ડ મહેસાણાના એજીએમ હાજર રહ્યા હતા.**

આ ઉપરાંત અન્ય ક્ષેત્રો માટે રૂ. ૧,૧૬૫.૭૧ કરોડ (૭.૨૯%)નો અંદાજ લગાવવામાં આવ્યો છે. જેમાં નિકાસ ક્રેડિટ (રૂ. ૧૬.૦૦ કરોડ), શિક્ષણ (રૂ. ૯૨.૦૦ કરોડ), હાઉસિંગ (રૂ. ૭૫૨.૮૦ કરોડ), નવીનીકરણીય ઊર્જા (રૂ. ૭૨.૪૧કરોડ), સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (રૂ. ૩૦.૦૦ કરોડ) અને અન્ય ક્ષેત્રો (રૂ. ૨૦૨.૫૦ કરોડ) નો સમાવેશ થાય છે.

આ PLP જિલ્લામાં વિવિધ ક્ષેત્રો માટેની ક્રેડિટ સંભાવનાનું વિગતવાર વૈજ્ઞાનિક મૂલ્યાંકન પ્રદાન કરે છે.

જે પ્રાથમિક ક્ષેત્ર હેઠળ ઉપલબ્ધ સંભાવનાનો ઉપયોગ કરવા માટે ક્ષેત્ર-વિશિષ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરે છે.

તે ખામીઓ અને જરૂરી હસ્તક્ષેપોને હાઈલાઈટ કરે છે. PLP મૂલ્યાંકન અનુસાર જિલ્લા બેંકો માટેનું વાર્ષિક લોન પ્લાન લીડ બેંક દ્વારા તૈયાર કરવામાં આવે છે.

જિલ્લા બેંકો પછી આ યોજનામાં નક્કી કરાયેલા લોનના લક્ષ્યોને પૂર્ણ કરવા માટે પ્રયત્ન કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન પ્રાથમિક ક્ષેત્ર હેઠળના નાણાકીય સિદ્ધિઓ રૂ.૧૩,૪૭૮.૩૮ કરોડ હતી જ્યારે છઁ લક્ષ્ય રૂ.૯૨૦૦.૦૦ કરોડ (૧૪૬.૫૦%) હતું. કૃષિ, MSME અને અન્ય પ્રાથમિક ક્ષેત્રોની ક્ષેત્રવાર સિદ્ધિઓ અનુક્રમે રૂ.૭૮૦૩.૮૮ કરોડ (૧૩૯.૮૫%), રૂ.૫૧૩૨. ૪૯ કરોડ (૧૭૧.૦૮%) અને રૂ.૫૪૨.૦૨ કરોડ (૮૭.૪૨%) હતી.

## પાલનપુર નગરપાલિકા હોલ શશિવન ખાતે માથુર વૈશ્ય ગુપ્તા સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરાયું

(ગરવી તાકાત) પાલનપુર તા.૭

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે માથુર વૈશ્ય ગુપ્તા સમાજ દ્વારા નગર પાલિકા હોલ ખાતે દર વર્ષની જેમ આ વર્ષ પણ સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.



જેમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, કોલેજ, એમ .બી.બી.એસ ,એમ.ડી જેવા દરેક એક થી ઉચ્ચતર અભ્યાસ કરી રહેલા ૧ થી ૩ નંબરના વિદ્યાર્થીઓને બાળકો સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને સામાજિક રમત ગમતનું કાર્યક્રમ પણ યોજાયો હતો.

પાલનપુરમાં યોજાયેલ સન્માન સમારોહ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનમાં મેઘનાબેન શાહ તેમને સાથે સાથે ગુજરાત મંડળ ના પ્રમુખ સુરેન્દ્ર ગુપ્તા, ગુજરાત મંડળ ના મંત્રી નયન શાહ, ગુજરાત મંડળ ના મહિલા પ્રમુખ સુધાબેન શાહ તેમજ ડો.ભરત ગુપ્તા પ્રમુખ, ડો.કુલદીપ ગુપ્તા મંત્રી, શૈલેષ ગુપ્તા, શેખર ગુપ્તા કન્વીનર, આરતીબેન ગુપ્તા સહીત પાલનપુર ના ડોક્ટર સાહેબ સુરેન્દ્ર ગુપ્તા સમાજના આગેવાનો કાર્યક્રમમાં હાજર જોવા મળ્યા હતા.

## પાલનપુરમાં વિદ્યાર્થીઓ માટે કેરિયર માર્ગદર્શનનો કાર્યક્રમ યોજાયો, હાયર સેકન્ડરી હાઇસ્કુલના ૧૪૧ વિદ્યાર્થીઓએ RIASEC ટેસ્ટ આપ્યો

પ્રોજેક્ટ સપનું’ અંતર્ગત જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર દ્વારા પાલનપુરની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કેરિયર કાઉન્સેલિંગનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને તેમની રુચિ અને કુશળતા અનુસાર યોગ્ય કારકિર્દી પસંદ કરવામાં મદદ મળશે.



તાજેતરમાં જ પાલનપુરની શક્તિ વિદ્યાલય અને સિટી હાયર સેકન્ડરી હાઈસ્કુલના ૧૪૧ વિદ્યાર્થીઓએ RIASEC ટેસ્ટ આપ્યો હતો. આ ટેસ્ટના પરિણામોના આધારે વિદ્યાર્થીઓને વ્યક્તિગત કાઉન્સેલિંગ આપવામાં આવશે. જિલ્લા રોજગાર કચેરીના કેરિયર કાઉન્સેલરો દ્વારા વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ પછીના વિવિધ અભ્યાસક્રમો અને તેમની સંભાવનાઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# સંક્ષિપ્ત સમાચાર

## સેન્ટ એન્ડ્રૂઝ હાઈસ્કૂલના ખેલાડીઓ તાલુકા કક્ષાએ ચેમ્પિયન



(ગરવી તાકાત) વિજયનગર તા.૭

વિજયનગર તાલુકા કક્ષાની કબડીની સ્પર્ધા એમ. એચ. હાઈસ્કૂલ વિજયનગર ખાતે યોજાઈ હતી જેમાં અંડર ૧૪ માં સેન્ટ એન્ડ્રૂઝ હાઈસ્કુલ બીલડીયા ના ખેલાડીઓ તાલુકા કક્ષાએ ચેમ્પિયન થઈ શાળાનું ગૌરવ વધાર્યું છે જેથી કોચ વિક્રમભાઈ કટારા તથા આચાર્ય આશિષભાઈ ઈ ભગોરાનાઓએ કબડી ટીમના ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## આરોગ્યમંત્રીના હોમ ટાઉન વિસનગરના જાહેર માર્ગો ગંદકીથી ખદબદી રહ્યા છે



(ગરવી તાકાત) મહેસાણા તા.૭

એક બાજુ સમગ્ર વિશ્વમાં ચીન માં ફેલાયેલા વાયરસનાં કારણે ફફડાટ ફેલાયો છે અને આ વાયરસ ખાસ કરીને શરદીઅને ઉધરસ જેવી બિમારીઓ દ્વારા એક વ્યક્તિ થી બીજા વ્યક્તિ માં ફેલાય છે.જેના કારણે સમગ્ર દેશમાં પણ લોકો માં ભારે ગભરાટ જોવા મળી રહ્યો છે અને લોકો ને કોરોના કાળ ની યાદ આવી ગઈ છે ત્યારે ગુજરાત રાજ્ય ના આરોગ્ય મંત્રી શ્રી ના વતન એવાં મહેસાણા જિલ્લાના વિસનગર શહેરના નવાવાસ વિસ્તારમાં આવેલા ચોક માં અને કસઈ વાડા વિસ્તારમાં રહેતા રહીશો દ્વારા પાણીનો બગાડ કરતા જાહેર રોડ અને રસ્તા ઉપર કાદવ અને કિચન ગંદકી ફેલાઈ જતા અહીં થી પસાર થતા રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે જ્યારે હાલમાં ચીનમાં ફેલાઈ રહેલો ખતરનાક વાયરસ હવે ભારતમાં પણ ફેલાઈ રહ્યો છે ત્યારે વિસનગર શહેરના લોકો પણ ગભરાઈ રહ્યા છે પણ વિસનગર નવાવાસ ચોકમાં અને કસાઈવાડામાં ગંદકી થઈ રહી છે તો શું આ ગંદકીના કારણે જો રોગચાળો ફાટી નીકળશે તો જવાબદાર કોણ? તો શું નગરપાલિકા તંત્ર દ્વારા ગંભીરતાથી તાત્કાલિક અસરથી આ બાબતે કોઈ પગલાં લેવામાં આવશે ખરા કે પછી રોગચાળો ફેલાશે તેની રાહ જોવાશે.

## મહેસાણા દિગંબર જૈન મંદિર ખાતે પરમ પૂજ્ય આચાર્યશ્રી ૧૦૮ મહાવીર કીર્તિજી મહારાજ નો ૫૩ મો સમાધી મહોત્સવ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૭

મહેસાણા ગોપીનાળા પાસે મહાવીર સોસાયટી સ્થિત આવેલ દિગંબર જૈન મંદિર શ્રી ૧૦૦૮ઋષભદેવજી ભગવાનના દેરાસર ખાતે પરમ પૂજ્ય આચાર્યશ્રી ૧૦૮ મહાવીર કીર્તિજી મહારાજનો ૫૩ મો સમાધિ મહોત્સવ યોજાયો જેમાં મોટી સંખ્યામાં જૈન જૈનેતરો એ ધર્મનો લાભ લીધો હતો

વધુમાં પરમ પૂજ્ય આચાર્યશ્રી દિગંબર જૈન મુનિ ૧૦૮ આજથી ૫૩ વર્ષ પહેલાં અમદાવાદથી વિહાર કરી કલોલ ત્યારબાદ મહેસાણા મુકામે આવેલ ત્યારબાદ બે દિવસ સમાધિમાં બેસી ગયેલ ત્યારબાદ તેઓની સમાધિ તારીખ ૦૬ જાન્યુઆરી ૧૯૭૨ રાત્રે ૯:૧૫ મિનિટે સમાધિ થઈ ગયેલ અહી અનેક દિગંબર જૈન સાધુ સાધ્વીઓ તેમાં ધર્મ પ્રેમી દર્શનાર્થીઓ દર્શન કરવા આવે છે

Volume : 10 Issue : 278 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002